આઇઆઇટી ગાંધીનગર ખાતે કલ્યાણી ગ્રૂપ ઓફ કંપનીના ચેરમેન બાબા એન. કલ્યાણીનું સંબોધન

# યૂથ જ દેશની સાચી મૂડી અને તાકાત છે



પાલેજ ખાતે યોજાયેલા ચોથા કોન્વોકેશનમાં ૩૧ એમ.ટેક, ૧૦૫ બી. ટેક અને ૯ પીએચડી સ્ટુડન્ટ્સે પદવી લીધી

**અમદાવાદ : ૨ ઓગસ્ટ, ૨૦૧૫**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર (આઇઆઇટી-જીએન) ખાતે ચોથા કોન્વોકેશનનું આયોજન આઇઆઇટી પાલેજ કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કોન્વોકેશનમાં ૩૧ એમ.ટેક અને ૧૦૫ બી.ટેક્ના અને ૯ સ્ટુડન્ટ્સ પીએચડી થઇને કુલ ૧૭૩ સ્ટુડન્ટ્સે પદવી લીધી હતી. ચોથા પદવીદાન સમારંભમાં આઇઆઇટી, ગાંધીનગરના ડાયરેક્ટર સુધીર જૈન, બોર્ડ ઓફ ગવર્નિંગ કાઉન્સિલના મેમ્બર્સની સાથે ચીફ ગેસ્ટ તરીકે ભારત ફોર્જ લી. ના ચેરમેન-મેનેજિંગ ડાયરેક્ટર અને કલ્યાણી ગ્રૂપ ઓફ કંપનીના ચેરમેન બાબા એન. કલ્યાણી હાજર રહ્યા હતા. સ્ટુડન્ટ્સને સંબોધતા બાબ એન. કલ્યાણીએ જણાવ્યું હતું કે, ભારતએ યંગસ્ટર્સનો દેશ છે. ભારતની ૯૦ ટકા વસ્તીની ઉંમર ૩૫ કરતા ઓછી છે. જો આ તાકાતનો ઉપયોગ આપણે વિકાસ માટે કરીશું તો આપણને કોઇ રોકી શકે તેમ નથી. જો યુવાનોને દેશના વિકાસ અર્થે લગાવીશું તો આપણો વિકાસ દસ ગણી ગતિથી આગળ વધશે. આવનારા સમયમાં ભારત મેન્યુફેક્ચર ફિલ્ડમાં પણ પોતાની કમાલ બતાવશે.